

**પરિશ્રમી જગતના તાતની મીઠી નીંદર...**

ગાંભોઈ- ઉત્તર ગુજરાતમાં ખેડૂત વર્ગ ખેત સીમાડામાં બટાકાની ઉપજ લેવાના ખેતી કામમાં પરોવાયેલો છે ત્યારે બીજી તરફ બટાકા પાકનો બજારભાવ પોષણક્ષમ મળશે કે કેમ તે નસીબને ભરોસે મૂકી ખેતી કામમાં સખત પરિશ્રમ બાદ બપોરે વિસામાની પળોમાં જગતનો તાત બટાકાની ભરેલી બોરીઓને ઢોલિયો બનાવી ઘડીકભર નીંદર માણી લેતો તસવીરમાં નજરે પડે છે.

# પ્રાંતિજના મૌછા પાસે ભૂસ્તર શાસ્ત્રી અને સિક્યુરીટી ગાર્ડને ગડદાપાટુનો માર માર્યો






પ્રાંતિજ તા.૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના મૌછા પાસે ભૂસ્તર શાસ્ત્રી ને ગડદાપાટુનો મારમારી સિક્યુરીટી ગાર્ડના ગળામા રહેલ સોનાનો દોરો, તથા મોબાઈલ તથા રોકડ રકમ સહિત કુલ ૧,૩૨,૦૦૦ ની લુંટ કરી કાર નો પાછળ નો કાચ ફોડી નાખી નુકસાન કરતા ભૂસ્તર શાસ્ત્રી દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા ૧૨ સામે પોલીસ ફરિયાદ કરી. પ્રાંતિજ ના સલાલ બાજુથી સાદી રેતી ભરેલ ટ્રક નંબર ય્ન-૨૦-ફ-૭૭૧૭ નો ચાલક ગેરકાયદેસર રીતે રેતી ખનીજ વહન કરી જતા તેને મૌછા પાસે ભૂસ્તર શાસ્ત્રી કિશનભાઈ માધવલાલ પટેલ દ્વારા તેને અટકાવતા આરોપી રાજદીપસિંહ રસિકસિંહ રાઠોડ, રસિકસિંહ દાનસિંહ રાઠોડ, અર્જુન સિંહ સુરજમલસિંહ રાઠોડ, મહેન્દ્રસિંહ રણજીતસિંહ રાઠોડ, મહાવીર સિંહ મનહરસિંહ રાઠોડ, તથા બીજા પાંચેક અજાણ્યા માણસો એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી બનાવી હાથમા લાકડીઓ જેવા મારક હથિયારો લઈ આવી ફરજ મા અડચણ કરી હુમલો કરી કિશનભાઈ માધવલાલ પટેલ ભૂસ્તર શાસ્ત્રી વર્ગ-૦૧ હિંમતનગર સાબરકાંઠા ને ગડદાપાટુનો મારમારી તેવોનો મોબાઈલ જેની કિંમત-૩૦,૦૦૦ તથા ખિસ્સા માંથી બે હજાર તથા સાથે રહેલ સિક્યુરીટી ગાર્ડ પરેશસિંહ ના ગળામા રહેલ બે તોલાનો સોનાનો દોરો જેની કિંમત-૧,૦૦,૦૦૦ મળી કુલ-૧,૩૨,૦૦૦ ની લુંટ કરી તથા ભૂસ્તર શાસ્ત્રી કિશનભાઈ માધવલાલ પટેલ નો શર્ટ ફાડી નાખી તેમજ ભૂસ્તર શાસ્ત્રી ની કીયા સેલ્ટોસ ગાડીનો પાછળનો કાચ તોડી નુકસાન કરતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા ભૂસ્તર શાસ્ત્રી કિશનભાઈ માધવલાલ પટેલ દ્વારા કુલ-૧૨ લોકો સામે પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે ટ્રક ડ્રાઈવર સહિત અન્ય અગિયાર સામે ગુનોનોંધીને આઈપીસીકલમ ૩૭૯,૧૮૬,૩૩૨, ૩૫૩, ૩૨૩, ૩૯૫, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯,૪૨૭ મુજબ ગુનો નોંધી આગળ ની તપાસ પ્રાંતિજ પોલીસ સ્ટેશન ના પીઆઈ પી.પી.વાઘેલ દ્વારા હાથ ધરવામા આવી છે જેમા પ્રાંતિજ પોલીસ દ્વારા બે જણ ની અટકાયત કરવામા આવી છે.



સાબરકાંઠા જિલ્લા ના તલોદ ખાતે આવેલ ટ્રિનિટી સ્કૂલ ખાતે સ્કૂલ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ની સુષુપ્ત શક્તિઓ નો વિકાસ થાય તેવા ઉમદા હેતુથી શાળા દ્વારા વિજ્ઞાન મેળા નુ આયોજન કરવામા આવ્યું હતું જેમાં ધો ૫ માં અભ્યાસ કરતા દેવમ ગાંધી દ્વારા બનાવવામાં આવેલ મીની કૂલર નો પ્રોજેક્ટ સૌના આકર્ષણ નુ કેન્દ્ર બન્યો હતો ટ્રિનિટી કેમ્પસ ના ટ્રસ્ટી ડૉ વસંત ભાઈ ધોળું અને શાળાના આચાર્ય અલ્પેશ ભાઈ પટેલે અભિનદન પાઠવ્યા હતા.

# પ્રાંતિજ ખાતે રખડતા ઢોરે યુવકને અડફેટે લીધો

**ઉંછાના બાઇક ચાલકને ગાયે અડફેટે લેતા ઈજાઓ પહોંચી : ઈજાગ્રસ્ત યુવક ને ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડવામા આવ્યો : માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ પહોંચી : અકસ્માત ને લઈ ને લોકોના ટોળેટોળા ઉમટી પડયા : રખડતા ઢોર ને લઈને અવરનવર અકસ્માત સર્જાય છે છતાંય જવાબદાર પાલિકા ગૌર નિંદ્રામાં**



પ્રાંતિજ તા.૨૬

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના એપ્રોચરોડ ઉપર રાત્રીના સમયે બાઈક લઈ ને જઈ રહેલ ઉછાના યુવક ને રખડતા ઢોરે અડફેટે લેતા યુવાનને ઈજાઓ પોહચતા ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડવામા આવ્યો.

પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ માતુછાયા સોસાયટી સામે ગઈરાત્રીએ ૮।૩૦ કલાકે ઉછા ગામનો યુવાન ગૌતમભાઈ બચુભાઈ પટેલ કે જે બાઈક લઈ ને ઉછાથી પ્રાંતિજ નેશનલ હાઈવેઆઠ તરફ જઈ રહ્યો હતો તે દરમ્યાન માતૃછાયા સોસાયટી સામે એકદમ રોડ ઉપર અચાનક રખડતી ગાય આવી જતા ગાયે યુવાન ને અડફેટે લેતા યુવાન બાઈક સાથે રોડ ઉપર પટકાયો હતો તો રોડ ઉપર પટકાતા તેને માથાના ભાગે ઈજાઓ પહોચતા લોહીલુહાણ થયો હતો તો શરીરે પણ ઈજાઓ પોંહચી હતી તો અકસ્માત ને લઈ ને આજુબાજુ મા રહેતા તથા માતુછાયા સોસાયટી ના લોકો દોડી આવ્યા હતા અને દોડી આવેલ લોકો માંથી ૧૦૮ ને ફોન કરતા ૧૦૮ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને ઈજાગ્રસ્ત યુવાન ને પ્રાંતિજ સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડવામા આવ્યો હતો તો યુવાન ને અકસ્માત થતા યુવાનો મોબાઈલ પણ નીચે રોડ ઉપર પડી જતા કોઈ મોબાઈલ પણ ચોરી ગયુ હતુ તો પ્રાંતિજ ખાતે રખડતા ઢોર નો ત્રાસ હોવા છતાંય જવાબદાર પાલિકા જાણે ગૌર નિદ્રામા હોય તેવુ હાલતો સ્પસ્ટ પણે જણાઈ આવે છે.

**તબેલામાંથી ઘોડા વછૂટી ગયા પછી તાળાં મારવા જેવો ખેલ**

# રાયગઢના તબેલામાંથી પૌષ્ટીક આહાર મળ્યા પછી ૧૯૨૨ આંગણવાડીઓમાં તપાસ

**સરકારી પૌષ્ટીક આહાર સગેવગે કરનાર અને ખરીદનારા તંત્રની પકડમાંથી હજુ પણ દૂર**





બાયડ, તા.૨૬

હિંમતનગર તાલુકાના રાયગઢના તબેલામાંથી ૨ દિવસ અગાઉ માતૃશક્તિ, પૂર્ણશક્તિ અને બાલભોગનો બાળકો તેમજ સગર્ભા માતાઓને આપવાનો પૌષ્ટીક આહાર ભરેલી ૧૪ બેગ મળી આવ્યા પછી સંકલિત અને બાળ વિકાસ વિભાગ દ્વારા તબેલામાંથી ઘોડા વછૂટી ગયા પછી તાળાં મારવા જેવો ખેલ કર્યો છે. જિલ્લાના ૮ તાલુકાની ૧૯૨૨ આંગણવાડીઓમાં તપાસ કરવાનો નિર્ણય લેવાયો છે. એકાદ ચોરના કારણે બધી જ આંગણવાડીઓના કર્મચારીઓ ચોર હોય જેવી સ્થિતિ લાવી દીધી છે. સાબરકાંઠા જિલ્લો સરકારી અનાજથી માંડી પાઠ્યપુસ્તકો વેચી મારવા જેવા અનેક કૌભાંડોથી ખદબદી રહ્યો છે અને હવે સગર્ભા માતાઓ તેમજ આંગણવાડીમાં અભ્યાસ કરતા ભૂલકાઓને સરકાર દ્વારા બાલભોગ, માતૃશક્તિ અને પૂર્ણશક્તિના પૌષ્ટીક આહાર પીરસવામાં આવી રહ્યા છે પરંતુ જિલ્લાના અનેક વિસ્તારોમાંથી સરકારી પૌષ્ટીક આહારનો જથ્થો બારોબાર વેપલો થતો હોય તેવી ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવતાં ગાંધીનગર સુધી તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. હિંમતનગર તાલુકાના એક તબેલામાંથી બાઈક ઉપર ઠલવાતા થેલા સહિતના દ્રશ્યો સામે આવ્યા પછી જિલ્લા સંકલિત બાળ વિકાસ અધિકારી દ્વારા તપાસના આદેશ આપ્યા પરંતુ ગંભીર બનાવ હોવા છતાં ૭૨ કલાક પછી પણ કઈ આંગણવાડીમાંથી જથ્થો લઈ જવામાં આવ્યો તેની ચોક્કસ વિગતો સામે આવી નથી અને હવે જિલ્લાની તમામ આંગણવાડીઓમાં જથ્થાની તપાસનો નિર્ણય લેવાયો છે ત્યારે આ આખોય મામલો રફે દફે કરવાની એક સાજીશ હોવાની પણ આશંકા સેવાય છે.

**આરોપીઓ નહીં મળે તો પોલીસ ફરિયાદ – સી.ડી.પી.ઓ.**

સાબરકાંઠા સી.ડી.પી.ઓ. મિનલબેન મહેતાએ જણાવ્યું કે કઈ આંગણવાડી કેન્દ્રોને બાલભોગ, માતૃશક્તિ અને પૂર્ણશક્તિ પૌષ્ટીક આહાર આપવામાં આવ્યો હતો તેની ચકાસણી કરી તેમની પાસેથી સ્ટોકની વિગત મેળવાશે અને તેમ છતાં પણ આરોપીઓ નહી મળે તો પોલીસ ફરિયાદ કરીશું તેમ જણાવ્યુ છે અને આ અંગે જિલ્લાના તમામ ૮ તાલુકાની આંગણવાડીઓમાં પણ તપાસ થશે.

**સાબરકાંઠા જિલ્લો અનેક કૌભાંડથી પ્રચલિત**

- બોગસ માર્કશીટ કૌભાંડ
- બોગસ શિક્ષક ભરતી કૌભાંડ
- સરકારી પાઠ્યપુસ્તક વેચવાનું કૌભાંડ
- સરકારી અનાજનો જથ્થો બારોબાર વેચી મારવાનું કૌભાંડ
- સરકારી પૌષ્ટીક આહારનો જથ્થો વેચી મારવાનું કૌભાંડ
- પ્રા.શિક્ષકોમાં ભરતી અને બદલી કૌભાંડ
- બોગસ ડિગ્રીઓ આપવાનું કૌભાંડ
- સૈન્યમાં બોગસ ડોક્યુમેન્ટના આધારે ભરતી કૌભાંડ

**મોડાસાની સહારા સોસાયટીમાં ઘરફોડ ચોરી કરનારને બેને**

# LCBએ રેલવે ફાટક નજીક જંગલમાંથી ચોરીના ૧.૭૨ લાખ મુદ્દામાલ સાથે દબોચ્યા

**સહારા સોસાયટીમાં રહેનાર લબરમૂછિયો યુવક અને સગીર સોસાયટીના બે બંધ મકાનમાંથી લાખ્ખો રૂપિયાની ચોરી કરી હતી**




મોડાસા,તા. ૨૬

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરની સહારા સોસાયટીમાં બે મહિનામાં બે બંધ મકાનમાં ચોરીની લાખ્ખો રૂપિયાની ઘટના બનતા લોકોમાં ભારે ફફડાટ ફેલાયો હતો સહારા સોસાયટીમાં બંધ મકાનમાં ચોરી કરનાર સોસાયટીમાં રહેતા એક ચોર યુવક અને તેના સગીર સાગરીતને ચોરીના ૧.૭૨ લાખથી વધુના મુદ્દામાલ સાથે રેલવે ફાટક નજીક જંગલમાંથી એલસીબી પોલીસે ઝડપી પાડી ચોરીના બે ગુન્હાનો ભેદ ઉકેલી કાઢી કાયદેસરનો કાર્યવાહી હાથધરી હતી.

મોડાસા શહેરની સહારા સોસાયટીમાં બે મહિનામાં બે મકાનમાં લાખ્ખો રૂપિયાની ચોરી થતા પોલીસતંત્રની કામગીરી સામે અનેક સવાલ પેદા થયા હતા જિલ્લા એલસીબી પીઆઈ કે.ડી.ગોહિલ અને તેમની ટીમે ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલવા બાતમીદારો સક્રિય કરતા સહારા સોસાયટીમાં ચોરીની ઘટનાને અંજામ આપનાર બે યુવકો રેલવે ફાટક નજીક જંગલમાં હોવાની બાતમી મળતા એલસીબી પોલીસે જંગલ વિસ્તાર કોર્ડન કરી જાહિનુદ્દીન સિકંન્દર પટેલ (રહે, સહારા સોસાયટી) અને કાયદાના સંઘર્ષમાં આવેલ એક કિશોરને દબોચી લઈ બંને પાસેથી ચોરી કરેલ સોના-ચાંદીના દાગીના,મોબાઈલ અને રોકડ રકમ મળી કુલ રૂ.૧૭૨૮૨૭/-નો મુદ્દામાલ કબ્જે કરી બંને આરોપીઓને મોડાસા પોલીસ સ્ટેશનને સુપ્રત કરતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.

## ધાનેરામાં જર્જરિત શીતલ શોપિંગ સેન્ટરની દુકાનની છત તૂટી પડી...

**પાંચ માસ અગાઉ ૧૬૬ માલિકોને દુકાન ખાલી કરવા આખરી નોટિસ આપી છતાં કેટલાક વેપારી ખાલી કરતા નથી**

ધાનેરા, તા.૨૬

ધાનેરામાં વર્ષોજુના શીતલ શોપીંગ સેન્ટરની દુકાનની મંગળવારે છત તૂટી પડી હતી. ધાનેરામાં શીતલ શોપીંગની ઈમારત જર્જરિત બની હોઈ જોખમી છે. જ્યાં મંગળવારે એક દુકાન પરની છત તૂટી પડી હતી. જોખમી શોપીંગ સેન્ટરને ખાલી કરવા માટે પાલિકાએ અગાઉ ૧૬૬ વેપારીઓને આખરી નોટીસ આપી છે.

પરંતુ તેઓ ખાલી કરતા નથી. ભોંયતળિયે અનેક દુકાનો ચાલું છે. જ્યાં હજારો લોકો અવર જવર કરતા હોય છે. ઈમારત પડે તો મોટી હોનારત થઈ શકે છે. પાંચ માસ અગાઉ આપેલી નોટિસને લઈ દુકાનદારોએ દિવાળી સુધીની મુદત માંગી હતી. જેનો સમય પણ પૂર્ણ થયો છે. ત્યારે પાલિકાના સત્તાધીશો દુકાન માલિકો સાથે મળી યોગ્ય નિર્ણય લે તેવું શહેરીજનો ઈચ્છી રહ્યા છે.

## અરવલ્લી : કારમાં આગમાં આગ લાગી પરિવારજનોનો આબાદ બચાવ

**વણીયાદ-રેલ્લાવાડા રોડ પર કારમાં આગ લાગતા ટોળેટોળા ઉમટ્યા**



મોડાસા, તા. ૨૬

ઉનાળાની શરૂઆત થતાની સાથે ઠેર ઠેર આગ બનાવની ઘટનાઓ વધી રહી છે મોડાસા તાલુકાના વણીયાદ-રેલ્લાવાડા રોડ પરથી પસાર થતી કારમાંથી ધુમાડો નીકળતા કાર ચાલકે સમયસૂચકતા વાપરી કારને રોડ સાઈડ ઉભી રાખી દઈ કાર ચાલક અને તેના પરિવારજનો નીચે ઉતરી જતા આબાદ બચાવ થયો હતો ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા ફાયર બ્રિગેડ ટીમે આગ પર કાબુ મેળવ્યો હતો.

વણીયાદ-રેલ્લાવાડા રોડ પર દોડતી કારમાં અગમ્ય કારણોસર આગ લાગતા કાર ચાલક અને તેનો પરિવાર ફફડી ઉઠ્યો હતો કાર ચાલકે કાર રોડ પર ઉભી રાખી પરિવારજનો સાથે ઉતરી ગયો હતો કારમાં આગે રૌદ્ર સ્વરૂપ પકડાતા કારના આગળના ભાગેથી લબકારા મારતી આગ સાથે ધુમાડાના ગોટેગોટા નીકળતા આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા જો કે લોકોએ આગ લાગેલી કારથી દૂર રહેવાનું મુનાસીબ માન્યું હતું મોડાસા ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો સદનસીબે જાનહાની ટળતા કાર ચાલક તેના પરિવારજનો અને લોકોએ હાશકારો અનુભવ્યો હતો

# આયર્ન મોદી કેસમાં પોલીસનું મોરલ તોડવાના પ્રયાસમાં આવેદનપત્ર અપાયા

**આયર્ન મોદી કેસને કોઈ ધર્મ કે જ્ઞાતિ સાથે ના જોડો : એસ.પી. અક્ષયરાજ**

પાલનપુર.તા.૨૬

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે દસ દિવસ અગાઉ આયર્ન મોદીનું કોલેજમાંથી અપહરણ કર્યા બાદ માર માર્યો હતો. બાદમાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. જેમાં પોલીસે છ ટીમો બનાવી ચાર રાજ્યોમાં વ્યાપક તપાસ હાથ ધરી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે ,અને આ કેસમાં સંડોવાયેલા દસ આરોપીઓને ઝડપી લીધા હતા. જેમના કોર્ટે ૯ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. આ કેસમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચના ચાર કર્મચારીઓ વિરુદ્ધ ખોટી રીતે કોર્ટમાં ફરિયાદ કરાઈ હોવાની રજૂઆત પાલનપુરના શ્રી સૈની ક્ષત્રિય (માળી) પંચાયત દ્વારા જિલ્લાના પોલીસ વડા અક્ષયરાજ મકવાણાને રજૂઆત કરવામાં આવી છે. જેમાં આ પ્રયાસને નીંદનીય ગણાવીને પોલીસનું મોરલ તોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું જણાવ્યું છે. અને પોલીસે આયર્ન મોદી ખૂન કેસની કરેલી તટસ્થ તપાસને બિરદાવામાં આવી હતી. જેમાં શુક્રવારે કરણી સેના, મહાકાલ સેના, મોદી સમાજ અને ઠાકોર સમાજના લોકો એકઠા થયા હતા. અને "બનાસકાંઠા પોલીસ તુમ આગે બઢો.પ હમ તુમ્હારે સાથ હૈ..." ના નારા લગાવીને પોલીસ અધિક્ષકને મળી આવેદનપત્ર આપ્યું હતું. આવેદનપત્રમાં પોલીસ ન્યાયિક તપાસ કરે તેવી માંગ કરાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આરોપીઓએ કોર્ટમાં ચાર પોલીસ કર્મચારીઓએ માર માર્યાનો આક્ષેપ કર્યો છે. જેને લઈને અલગ અલગ સમાજના લોકો એકઠા થયા હતા, અને બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક અક્ષરાજ મકવાણાને આવેદનપત્ર આપ્યું હતું. જ્યારે આ અંગે બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક અક્ષય રાજ મકવાણાએ જણાવ્યું હતું કે, આયર્ન મોદીના કેસના આરોપીઓનો કોઈ જ્ઞાતિ કે ધર્મ હોતો નથી. આ કેસને કોઈ જાતિ કે ધર્મ સાથે જોડવામાં ના આવે. કોઈ જ્ઞાતિ કે સમાજના લોકો ધરણા કે રેલી જેવા કાર્યક્રમો યોજે તે પહેલા અમારી સાથે આવીને વાત કરવી જોઈએ. પોલીસ તરીકે અમારી કામગીરી નિષ્પક્ષ અને તટસ્થ રહી છે. જો કેસને જ્ઞાતિ ધર્મ સાથે જોડી વિભાજિત કરીશું તો તે દેશ માટે સારી બાબત નથી. પોલીસની તરફેણ કે વિરોધમાં થતાં ધરણાં કે રેલીને વખોડું છું. આયર્નના કેસને એક કેસ તરીકે જ જોવો જોઈએ. પોલીસને તેની કામગીરીમાં આરોપીઓને સખત સજા થાય તે જોવાનું રહેશે.



